


# બજાર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

- આ ચિત્ર ક્યાંનું છે ? ચિત્રમાં તમને કેટલા બાળકો દેખાય છે ?
- તમે આઈસ્ક્રીમ ખાધો છે? તમને કયો આઈસ્ક્રીમ સૌથી વધારે ભાવે છે ? ચિત્રમાં તમને કયો આઈસ્ક્રીમ દેખાય છે ?
- બધી વસ્તુઓ કેમ પડી ગઈ છે ?
- દુકાનવાળાભાઈ કેમ દુકાન બંધ કરી રહ્યા છે ?
- ચિત્રમાં દેખાતા બેન બે હાથ ઊંચા કરીને કોણે બોલાવતાં હશે ?
- ચિત્રમાં દેખતા આખલાઓને કોઈ છોડાવશે કે તેઓ લડતા જ રહેશે ? કેમ ?

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર




# દરિયા કિનારો

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે.સૌ આગળ વધે

- ચિત્રમાં તમને શું શું દેખાય છે ? બાળકો શું શું કરે છે ?
- તમે ક્યારેય આઈસ્ક્રીમ ખાધો છે ? ચિત્રમાં છોકરો ઊંટ પર બેઠો છે તમને કોના પર બેસવું ગમે ?
- આ જહાજ ક્યાં જતું હશે ? હોડીમાં બેઠેલા બાળકો જહાજ વિશે શું વિચારતા હશે ?
- ચિત્રમાં જે ઝાડ દેખાય છે તે શેનું છે ? તે કેમ દરિયા કિનારે છે ?
- જો દરિયામાં પાણી વધી જાય તો શું થાય ?
- દરિયામાં નાહતા બાળકો ઊંટ વિશે શું વિચારતા હશે ?
- ચિત્રમાં બાળકો માટીનું ઘર બનાવ્યા પછી શું કરશે ?

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર



# ખેતર

- ચિત્રમાં શું શું દેખાય છે ? કેટલા બાળકો છે ?
- તમે ક્યારેય ખેતરમાં ગયા છો ?
- ચિત્રમાં શેનું ઝાડ છે ? બે છોકરીઓ શું કરતી હશે ?
- ખેતરમાં ટ્રેક્ટર શું કરે છે ?
- જો આંબાની ડાળ તૂટી જાય તો ? જો અહીયા વાવજોડું આવે તો શું થાય ?
- હોજમાં ન્હાતાં બાળકો શું વિચારતા હશે ? કૂતરો આંબા પર બેસેલા છોકરા વિશે શું વિચારતો હશે ?
- હોજમાં ન્હાતાં બાળકો ન્હાયા પછી શું કરશે ?


શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર



# પક્ષીઓની પાર્ટી

- ચિત્રમાં ક્યાં ક્યાં પક્ષીઓ દેખાય છે ? પક્ષીઓ શું કરે છે ?
- તમે કોઈના જન્મદિવસની પાર્ટીમાં ગયા છો ? તમે ત્યાં શું શું જોયું હતું ?
- પોપટે પોતાનો જન્મદિવસ ક્યાં ઉજવ્યો હશે ? પક્ષીઓને શું શું ખાવા માટે આપ્યું હશે ?
- બધી સજાવટ કોણે કરી હશે ?
- ચામાચિડિયું કેવી રીતે પોતાની થાળી કે ડીસ પકડશે ?
- પોપટે મોરને બોલાવ્યો નથી તો હવે મોર શું વિચારતો હશે ?
- કેક કાપ્યા પછી પક્ષીઓ શું કરશે ?


શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર



# મીઠાઈની દુકાન

- આ ચિત્ર ક્યાં સ્થળનું છે ? ચિત્રમાં તમને કોણ કોણ દેખાય છે ?
- તમે ક્યારે મીઠાઈ લેવા માટે ગયા છો ? તમને સૌથી વધારે કઈ વધારે મીઠાઈ ભાવે છે ?
- ચિત્રમાં તમને કઈ કઈ મીઠાઈ દેખાય છે ? ચિત્રમાં ભાઈ શું બનાવે છે ?
- ટેબલ પર ભાઈ-બહેન શું ખાય છે ? તેમણે તે ક્યાંથી ખરીદ્યું હશે ?
- આ દુકાનમાં બીજું શું શું મળતું હશે ? આ દુકાનની બહાર શું હશે ?
- બહેનના હાથમાં જે બાળક છે તે કેમ રડે છે ?
- તમે મીઠાઈની દુકાન બનાવો તો શું શું રાખશો ?

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર




# બગીચો

- ચિત્રમાં કેટલા બાળકોના હાથમાં ફુગ્ગો છે ? આઈસ્ક્રીમવાળાભાઈ પાસે કોણ કોણ ઊભું છે ?
- તમારા ઘર કે ગામની આજુબાજુમાં કોઈ બગીચો છે ? અહીં ચિત્રમાં દેખાય છે તેમાંથી તમને શું રમવું ગમશે ?
- આ બગીચામાં કેટલા હીંચકા હશે ? એક છોકરો એક વ્હીલચેરમાં કેમ બેઠો છે ?
- પીળા શર્ટમાં જે બાળક છે તે તેનાં પપ્પા પાસેથી શું માંગી રહ્યો હશે ?
- બગીચામાં આટલાં બધાં બાળકો કેમ છે ?
- એક છોકરો બીજી છોકરીના પાછળ ભાગે છે તો છોકરી શું વિચારતી હશે ?
- ત્યારે વરસાદ પડે તો …………

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર